પત્ર ક્રમાંક :- પસ્ચ/ક્વીઝ/૨૦૨૨/ ૩૨
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જામનગર
તારીખ:- 03/01/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી
જામનગર જિલ્લાની સરકારી-બિનસરકારી મા. શાળાઓ
જામનગર જિલ્લો.

વિષય : ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે આયોજિત સ્ટેમ(STEM) ક્વિઝમાં સામેલ થવા બાબત

માનનીયશ્રી,

નમસ્કાર, જય વિજ્ઞાન

ગુજરાત કાઉન્સિલ ઓન વિજ્ઞાન એન્ડ ટેક્નોલોજી, વિજ્ઞાન પ્રૌધોગિકી વિભાગ ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM-સ્ટેમ) ક્ષેત્રે જ્ઞાનમાં અભિવૃધ્ધિ થાય તેવા આશયથી ગુજરાત "STEM QUIZ (સ્ટેમ ક્વિઝ)" નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્ટેમ ક્વિઝની ઔપચારિક જાહેરાત શિક્ષણ અને વિજ્ઞાન પ્રૌધોગિકી વિભાગના માનનીય મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા ૧૯મી ડિસેમ્બરના રોજ કરવામાં આવી હતી.

૧. આ ક્વિઝ જિલ્લા અને રાજય કક્ષાની સ્પર્ધા ઓનલાઇન માધ્યમથી યોજવામાં આવશે, અંતિમ ફાઇનલ સ્પર્ધા ઓફલાઇન માધ્યમથી યોજવામાં આવશે. ક્વિઝની ભાષા ગુજરાતી/અંગ્રેજી હશે.

૨. આ ક્વિઝમાં કોઇપણ બોર્ડ અથવા માધ્યમના ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. કોઈ પણ પ્રકારની નોંધણી ફી રાખવામાં આવેલ નથી.

૩. આ ક્વિઝમાં વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) ક્ષેત્રે હાલના વિકાસ અને વલણો પર આધારિત પ્રશ્નો પૂછવામાં આવશે. ક્વિઝનાં પ્રશ્નો મુખ્યત્વે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના રહેશે.

૪. આ સ્પર્ધામાં સામેલ થવા માટે રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. આ ક્વિઝનું રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયેલ જે તારીખ ૧૯ જાન્યુઆરી, ૨૦૨૨ સુધીમાં https://gujcost.co.in પર ઓનલાઇન કરવાનું રહેશે.

વધુ માહિતી માટે આપ શ્રી એમ.ડી.મહેતા જિલ્લા વિજ્ઞાનકેન્દ્ર-ધ્રોલ (જી.જામનગર)ના પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ.સંજય પંડ્યા નો ૯૯૭૯૨૪૧૧૦૦ પર સંપર્ક કરી શકો છો.

3/1/2021

જિલ્લા મા. શિક્ષણાધિકારી
જામનગર

જિલ્લા શિક્ષણાધિકારી
જામનગર-જીપ.